વિભાગ હસ્તકની જમીનનો હેતુફેર કે
વેચાણ કરવાની કાર્યપ્રણાલી બાબત

ગુજરાત સરકાર

**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ક્રમાંક: પરચ/૨૦૧૮/૨૦૪૧/ક-૧(એમઆઇસેલ)**

**તા.૧૫/૦૨/૨૦૧૯**

**પ્રસ્તાવના:**

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ સિંચાઇના તેમજ તેને સંલગ્ન હેતુ માટે ની વિવિધ યોજનાઓ માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે. આ સિંચાઇ વિભાગની સંપાદિત જમીનો પૈકીની જમીનો વિવિધ કારણોસર હાલમાં ફાજલ પડેલ છે. સરકારશ્રીના અન્ય વિભાગોની કચેરીઓ દ્વારા સિંચાઇ વિભાગની સંપાદિત જમીનમાંથી સરકારી હેતુ માટે જમીન ફાળવવા માટે જે તે સંબંધિત ક્ષેત્રિય કચેરીઓને દરખાસ્ત કરવામાં આવતી હોય છે. ક્ષેત્રિય સ્તરેથી સદર દરખાસ્તને સૈધ્ધાંતિક મંજૂરી માટે વિભાગ ને મોકલવવામાં આવે છે તેમજ વિભાગ તરફથી મહેસુલ વિભાગને અભિપ્રાય/મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. સંપાદિત જમીનો સંદર્ભે હેતુ ફેર કે તબદીલ કે વેચાણની મંજૂરીની કાર્યવાહી માટે સંબંધિત ક્ષેત્રિય કચેરીઓ દ્વારા સૌપ્રથમ જળસંપત્તિ વિભાગ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી મેળવીને, દરખાસ્ત સંબંધિત જિલ્લાના કલેકટરશ્રી મારફતે મહેસુલ વિભાગને મોકલાવવી, તે મુજબનું મહેસુલ વિભાગ દ્વારા સુચન થયેલ છે. જે અન્વયે નીચે મુજબની કાર્યપધ્ધતી અનુસરવા ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

જળસંપત્તિ વિભાગ દ્વારા સંપાદિત થયેલ જમીન પૈકી જે જમીનની હાલમાં તથા ભવિષ્યમાં જરૂરિયાત ઉપસ્થિત થવાની ન હોય તથા આવી જમીન ફાજલ થઇ શકે તેમ હોય તેવા કિસ્સામાં આવી જમીન માટે સરકારશ્રીના અન્ય વિભાગ દ્વારા જમીન ફાળવવા માંગણી કરવામાં આવે ત્યારે સંબંધિત જળસંપત્તિ વિભાગની વિભાગીય કચેરીએ સૌપ્રથમ અધિક્ષક ઇજનેરશ્રી મારફતે જળસંપત્તિ વિભાગની મંજૂરી મેળવવાની રહેશે. જળસંપત્તિ વિભાગ તરફથી દરખાસ્તને મંજૂરી મેળવીને જે તે જિલ્લાના સંબંધિત કલેકટરશ્રીને વિભાગની જાણ હેઠળ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. કલેકટરશ્રીઓએ આવી જમીનની ફાળવણીની કાર્યવાહી મહેસુલ વિભાગના પરામર્શમાં સિચાઇ વિભાગની જાણ હેઠળ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એસ.બી. પ્રજાપતિ)**
ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી( જ.સં)(સ્વતંત્ર હવાલો)અંગત મદદનીશ શ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માનનીય મંત્રીશ્રી( મહેસુલ )ના અંગત મદદનીશ શ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(મહેસુલ) ) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી( જ.સ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રી (નર્મદા ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ખાસ સચિવશ્રી( જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ .અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સર્વે કલેક્ટરશ્રીઓ

(૮) સર્વે મુ.ઈ .અને અ.સ.શ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નાણાકીય સલાહકાર(જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૧૦) સર્વે ઉપસચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ .અને ક .વિભાગ

(૧૨) સર્વે પ્રોજેક્ટ શાખા( ક-૧, ક-૨, ક-૩, જ), સચિવાલય, ગાંધીનગર

(૧૩) સીલેક્ટ ફાઈલ